# સે-૧૧ ખાતે અભિષેક, હવેલી આર્કેડ તંત્ર દ્વારા સીલ

**શહેરમાં ફાયર વિભાગની અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી : ૪૨ દુકાનો, ૬૦ ઓફિસ,૧ લાયબ્રેરી, અને ૧ જીમ સહિતને સીલીંગ કાર્યવાહી**









ગાંધીનગર, તા.૧૪

રાજયમાં આગના બનાવને પગલે ગાંધીનગર શહેરમાં પણ ફાયર વિભાગ દ્વારા ફાયર એનઓસી વિના ધમધમતા એકમોને નોટીસ આપવામાં આવી હતી. પરંતુ તંત્રની નોટીસની અવગણના કરીને ફાયર એનઓસી મેળવવા માટે ગણ્યાંગાંઠ્યા એકમોએ તજવીજ શરુ કરી હતી. ત્યારે સોમવારના રોજ સવારથી જ ફાયર વિભાગ દ્વારા સેકટર-૧૧ અભિષેક બિલ્ડીંગ ખાતે સીંલીગની કાર્યવાહી શરુ કરવામાં આવી

● અનુસંધાન પાન-૫ પર

### અભિષેક બિલ્ડીંગ નીચે વેપારીઓ એકઠા થયા

અભિષેક બિલ્ડીંગ ખાતે ફાયરની ટીમ ૧૧ વાગે પહોંચી ગઈ હતી. તંત્ર દ્વારા ૭ માળે થી ઓફિસોને સીલ મારવાનું શરુ કરતા જ વેપારીઓમાં ફફળાટ ફેલાઈ ગયો હતો. ફાયર ટીમ દ્વારા ૪૨ દુકાનો અને ૪૩ ઓફિસોને સીલ મારી દેવામાં આવ્યા છે. શહેરના ભરચક વિસ્તારમાં તંત્ર દ્વારા સીલીંગની કાર્યવાહી ચાલી રહી હતી તે દરમિયાન વેપારીઓ બિલ્ડીંગ નીચે મોટીસંખ્યામાં એકઠા થઈને હવે શું કરવું તેની મથામણ કરતા નજરે પડ્યા હતા.

### જરુરી સામાન નીકાળ્યો

તંત્રની સીલીંગની કામગીરીને પગલે કેટલાક વેપારીઓ તેમજ ઓફિસના સંચાલકોએ ફાયરના અધિકારી પાસે જરુરી કિંમતી સામાન બહાર નીકાળવા માટે સમય માંગ્યો હતો. ત્યારબાદ થોડીવારમાં કોમ્પ્યુટર, સીપીયુ, ફાઈલો સહિતના જરુરી સામાન બહાર ખડકાઈ ગયો હતો.

### સીલીંગની કાર્યવાહી અટકાવવા માટે સતત ફોન રણકતા રહ્યા

પોતાની દુકાનો-ઓફિસને સીલ મારતા વેપારીઓએ પોતાની લાગવગ દોડાવી ફોન કરાવ્યા હતા. ઉચ્ચ અધિકારીઓ દ્વારા ફોન આવતા સીંલીગ ટીમના અધિકારીના ફોન સતત રણકતા રહ્યા હતા. પરંતુ કામમાં કોઈ રૂકાવટ આવી ન હતી.

## સે-૪એમાં વૃક્ષોની કટોતી મામલે વનતંત્રએ અઢી હજારનો દંડ ફટકાર્યો

**કોર્પોરેટરની સુચનાથી હાથ ધરાયેલી હરકત સામે સ્થાનિક પર્યાવરણ પ્રેમીઓ જાગૃત બન્યા**

ગાંધીનગર તા ૧૪

શહેરના સે-૪ એ માં ગ્રીન ઉર્જા પેદા કરવાની મથામણમાં હરિયાળા વૃક્ષોનો જ સોથ વાળી દેવાતા સ્થાનિક પર્યાવરણ પ્રેમીઓ આગ બબુલા બન્યા હતા જયારે આ ઘટનાના અંતે વનતંત્રએ તપાસ હાથ ધરી જવાબદાર પાસેથી રૂ ૨૫૦૦ રૂ નો દંડ વસુલ કર્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. સેકટરોમાં હરિયાળા વૃક્ષોની આડેધડ કટોતી થતી હોય તેવા કિસ્સામાં નગરજનો જાગૃત બન્યા છે. ત્યારે આ કિસ્સો સમગ્ર શહેર માટે દાખલારૂપ બન્યો છે.

સે-૪ એ માં બગીચા પાસેના વૃક્ષોની કટોતી મામલે વનતંત્રએ તપાસ હાથ ધરીને સ્થાનિક રહીશ પાસેથી આ બદલ રૂ ૨૫૦૦ નો દંડ વસુલ્યો છે. હરિયાળા નગરમાં શહેરના મુખ્યમાર્ગો ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગોની આસપાસ પણ વૃક્ષોની વનરાજી જોવા મળે છે. જયારે વરસાદી દિવસોના અંતે વૃક્ષોની તોતિંગ ડાળીઓ વધીને લટકી પડતા તેના ટ્રીમીંગ માટે પણ વનતંત્ર દ્વારા કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત સેકટરોમાં રહીશોને નડતરરૂપ ડાળીઓ કે જોખમી વૃક્ષો હોય તો દુર કરવા માટે પણ વનતંત્ર દ્વારા રજુઆતના અંતે સ્થળ પર કામગીરી હાથ ધરવામાં આવે છે. સે-૪ એમાં ગઈકાલે પ્રકાશમાં આવેલી ઘટના અન્વયે સેકટરના સ્થાનિક કોર્પોરેટરે સોલાર ટ્રી લગાવવા માટે નડતરૂપ વૃક્ષોની કટોતી કરવા માટે સુચના આપી હતી. જયારે વૃક્ષોના ટ્રીમીંગ મામલે સર્જાયેલી ગેરસમજના લીધે બે આખા વૃક્ષોની કટોતી કરી દેવામાં આવી હતી જેના લીધે પર્યાવરણ પ્રેમીઓએ પણ આ હરકત સામે પ્રબળ રોષ સાથે વાંધો ઉઠાવ્યો હતો. સમગ્ર મામલે આર એફ ઓ ને જાણ થતા તપાસના અંતે વૃક્ષોની કટોતી મામલે રાજેશ રાવલ નામના વ્યકિતને દંડ કરવામાં આવ્યો હતો. વનતંત્રએ આ વ્યકિતને રૂ ૨૫૦૦ દંડ કર્યો હતો. શહેરમાં વિકાસના કામો અન્વયે સેંકોડ હરિયાળા વૃક્ષોની કટોતી કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૫ પર

## નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ

**સવારે પુરતા ફોર્સથી સપ્લાય ન આવતા સાંજ થતા ટાંકી ખાલી થઇ જતી હોવાની ગૃહીણીઓની ફરિયાદ**

ગાંધીનગર તા ૧૪

શહેરના નવા સેકટરોમાં શિયાળાની ઠંડીના દિવસોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતા સાંજ થતા જ ટાંકી ખાલી થઈ જાય છે. સવારે સપ્લાય વેળાએ પુરી ટાંકી પણ ભરાતી ન હોવાની બુમ વચ્ચે સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ ગૃહીણીઓના રોષનુ કારણ બન્યો છે. છેલ્લા બે દિવસથી પાણીનો સપ્લાય ઘટી ગયો હોવાનુ પણ સેકટરવાસીઓ જણાંવી રહ્યા છે.

શહેરમાં નવા અને જુના સેકટરોમાં પાણીના મામલે અનેકવાર બુમો ઉઠતી રહે છે. સમયાંતરે પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તે છે. શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવાની યોજના સાકાર થતા હજુ સમય લાગે તેમ છે. ત્યારે હાલ સવારે બે કલાક નવા અને જુના સેકટરોમાં કોમન સપ્લાય આપવામાં આવે છે. શહેરીજનોની પાણીની જરૂરિયાને સંતોષવા માટે પ્રતિદિન અંદાજિત ૫૫ એમ એલ ડી થી પણ વધુ પાણીનો સપ્લાય કરવામાં આવે છે. આમછતા સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. છેલ્લા બે દિવસથી નગરના નવા સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટયો

● અનુસંધાન પાન-૫ પર

## સે-૬ના વન આરક્ષિત વિસ્તારમાંથી તંત્રએ ૨૦૦ દબાણો દુર કર્યા

**આગામી દિવસોમાં વનતંત્ર દ્વારા ખુલ્લી થયેલી જગ્યામાં નવા રોપાઓની વાવણી પણ કરાશે**

ગાંધીનગર તા ૧૪

શહેરના વન આરક્ષિત વિસ્તારમાં દબાણો વધી રહ્યા છે. ત્યારે હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. જેને અનુલક્ષીને વનતંત્ર દ્વારા આજે સે-૬ સત્યાગ્રહ છાવણી પાસેના વિસ્તારમાંથી ૨૦૦ જેટલા નાના મોટા દબાણો દુર કરાયા હતા વનતંત્ર દ્વારા આગામી દિવસોમાં ખુલ્લી જગ્યામાં નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવશે.

શહેરના ઉભા અને આડા માર્ગોની આસપાસ વન આરક્ષિત જગ્યા છે. જયારે આ વન આરક્ષિત વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષથી વૃક્ષારોપણ પણ કરવામાં આવી રહ્યુ છે. નગરને હરિયાળુ અને સુંદર બનાવવા માટે નતનવા રોપાઓની વાવણી પણ કરવામાં આવે છે. આ ઉપરાંત વન આરક્ષિત વિસ્તારમાં રોપાઓની જાળવણી માટે ફેન્સીંગ પણ કરવામાં આવે છે. પરંતુ કેટલાક ઠેકાણે વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગ તોડીને પણ દબાણો જામી ગયા છે. શહેરના સે-૬માં સત્યાગ્રહ છાવણી અને તેની આગળના વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી શ્રમજીવીઓએ પડાવ નાંખ્યો છે. શ્રમિકો વૃક્ષોની ડાળીઓ તોડીને ચુલામાં નાંખતા વનરાજીને પણ નુકશાન થઈ રહ્યુ હતુ. જયારે આ સ્થિતિને અનુલક્ષીને દબાણકર્તાઓને મૌખિક સુચનાઓ પણ આપવામાં આવી હતી. આમછતા દબાણકર્તાઓએ સ્થળ છોડયુ ન હતુ. જેના અંતે વનતંત્ર દ્વારા આ વિસ્તારને ચોખ્ખો કરવા માટે ડ્રાઈવ ચલાવામાં આવી હતી. આ દરમિયાન વનતંત્ર દ્વારા આ વિસ્તારમાં બુલડોઝરની મદદથી ૨૦૦ જેટલા નાના મોટા દબાણો

● અનુસંધાન પાન-૫ પર

## ગાંધીનગર તાલુકામાં કોરોનાનો પ્રકોપ એક જ દિવસમાં ૨૬ કેસ નોંધાયા

**સે. ૧૭ માં ૩ જ્યારે સે. ૮, ૧૪, ૭ અને ૨ માં ૨-૨ કેસ સહિત શહેરમાં ૧૯ કેસ : ગ્રામ્ય વિસ્તારમાં ૩૪ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં કોરોના વકર્યો છે. આજે એક જ દિવસમાં તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૨૬ કેસ મળી આવ્યા છે જે કોરોના કાળનો આ વિક્રમ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૪ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૨૬ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોના સંક્રમણના કેસો બહાર આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જિલ્લામાં આજે ૫૩ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં ગ્રામ્યવિસ્તારમાં ૩૪ અને શહેરમાં ૧૯ કેસ નોંધાયા છે. જે રીતે કેસોની સંખ્યામાં ચડાવ-ઉતાર અને સંક્રમણ વધી રહ્યુ છે તેણે સમગ્ર જિલ્લામાં ચિંતા અને ભયની લાગણી ઉભી કરી છે. ગ્રામીણ વિસ્તારમાં તેમજ શહેરમાં મોટી વયના લોકો અને મહિલાઓ જે રીતે સંક્રમિત થઈ રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે જિલ્લામાં ત્રણ ટીનેજર્સ યુવાનો પણ સંક્રમિત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં પાંચ દર્દીઓને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૬ જેટલી મહિલા દર્દીઓ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક દિવસમાં ૨૬ કેસ નોંધાતા તંત્રમાં પણ હડકંપ મચી જવા પામ્યો છે. જે રીતે કેસો બહાર આવી રહ્યા છે તે ચિંતાજનક છે.

ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામેથી આજે ૭ કેસ મળી આવ્યા છે. સરગાસણ ગામ એ ગાંધીનગરને અડીને આવેલ ગામ છે. આ ઉપરાંત વાવોલમાંથી ૩ કેસ તો છાલા ગામેથી ૪ કેસ અને જાખોરા ગામેથી ૨ કેસ મળી આવ્યા છે.

આ ઉપરાંત તાલુકાના ચંદ્રાલા, કાનપુર, લવારપુર, મહુન્દ્રા, કોલવડા, કુડાસણ, ઝુંડાલ, મિલીટ્રી સ્ટેશન આલમપુર, પેથાપુર, પિંડરડામાંથી કેસો મળી આવેલ છે.

દહેગામ તાલુકામાંથી પણ આજે બે કેસ મળી આવેલ છે. વાસણા-રાઠોડ ગામેથી આજે બે કેસ મળી આવેલ છે.

માણસામાંથી પણ આજે ૬ કેસ મળી આવેલ છે. જેમાં તાલુકાના ગ્રામ્ય વિસ્તાર આજોલ, ધમેડા, રંગપુર, પુંધરા, મકાખાડ તેમજ માણસા અર્બન વિસ્તારમાંથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ પણ છેલ્લા ત્રણેક દિવસથી ધીમો પડ્યો છે. જિલ્લામાં આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૩૨૩૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૨૬૮ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૧૦૦ થી વધુ દર્દી હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૨,૨૬૬ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી આજે ૧૯ કેસ કોરોનાના મળી આવેલ છે. શહેરમાં પણ કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં એક દંપત્તિ તેમજ એક પિતા-પુત્ર સંક્રમિત થયા છે. આજે મનપાનો એક કર્મચારી સંક્રમિત થતાં સારવાર માટે એસટીસીના કોવિડ કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા ૧૯ કેસ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૯૨૮ પર પહોંચી છે. જો કે શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

આજે સંક્રમિત થયેલા દર્દીઓમાં સાત મહિલા દર્દીઓ છે. આ ઉપરાંત એક તબીબ, એક વેપારી, સ્ટર્લીંગ હોસ્પિટલમાં લેબ. ટેકનીશયન તરીકે ફરજો બજાવતા કોરોના વોરિયર, કોન્ટ્રાક્ટર, સિવિલ ઈજનેર અને જીએમસીના કર્મયોગીનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૫ પર



**હવેલી આર્કેડમાં રીંડીગ લાયબ્રેરીમાં ૧૫૦ થી વધુ છોકરા વાંચન કરતા જોવા મળ્યા**

સેકટર-૧૧ હવેલી આર્કેડ ખાતે ફાયરની ટીમ સાંજના સમયે સીંલીગની કાર્યવાહી કરવા માટે ગઈ હતી. ત્યારે લાયબ્રેરીમાં ૧૫૦ થી પણ વધુ છોકરા વાંચન કરતા જોવા મળ્યા હતા. કોરોના સમયમાં આટલી મોટીસંખ્યામાં વાંચન માટે છોકરાઓ એકઠા જોતા ટીમ પણ ચોકી ગઈ હતી. આ તમામને બહાર નીકાળીને તંત્ર દ્વારા લાયબ્રેરીને પણ સીલ મારી દેવામાં આવ્યું હતું.

## જાતિય સતામણીની ઘટનામાં સખ્ત કાર્યવાહી કરવા વિપક્ષની માંગ

**ડે. મેયરે પત્ર લખી એક્શન ટેઈકન રિપોર્ટ માંગ્યો**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકામાં મહિલા કર્મચારીઓની જાતીય સતામણીની બહાર આવેલી વિગતોને લઈ વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આ પ્રકરણમા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી છે.

તેમણે જે ઘટના બહાર આવી છે તે મેયર તરીકે મહિલા અને કમિશનર તરીકે પણ મહિલા અધિકારી હોય ત્યારે આ ઘટના ખુબ જ ચિંતાજનક છે. મહિલા સન્માનની વાતો કરતી ભાજપની સરકારના શાસનમાં જ આ સ્થિતિ એ દુઃખદ છે.

બિહોલાએ એક સમયે મહિલા સુરક્ષા માટે ગાંધીનગરને ટાંકી ભાષણો કરતા હતા પરંતુ આ ઘટનાએ ગાંધીનગરને ધબ્બો લગાવ્યો છે. તેમણે કમિશનરને લખેલા પત્રમાં એમ પણ કહ્યુ છે કે આવી ઘટના ત્રીજીવાર મનપાની કચેરીમાં બનવા પામી હોવાનું બહાર આવ્યુ છે તે સાંભળીને જ માથુ શરમથી ઝુકી જાય છે.

બીજી તરફ ડે. મેયર નાઝાભાઈ ધાંધરે પણ જાતીય સતામણી અંગેના અખબારી અહેવાલો ટાંકી જવાબદારો સામે પગલાં ભરી અને દિન-૭ માં તે અંગેનો અહેવાલ રજુ કરવા મ્યુનિ. કમિશનરને પત્ર લખી જણાવ્યુ છે.

ગાંધીનગર મનપાની કચેરી એ છેલ્લા થોડાક સમયથી સતત વિવાદમાં રહેવા પામી છે. રાજકીય વિવાદો, વહીવટીય મડાગાંઠો અને હવે જાતીય સતામણીને લઈ વિવાદ ઉભો થયો છે. આ બનાવને પગલે નગરજનોમાં પણ ચર્ચા ઉઠી છે કે વહીવટીય પાંખે કડક પગલાં લેવા જોઈએ.

**Indian Institute of Teacher Education**
Ramkrishna Paramhans Education Complex, Nr.Mahatma Mandir, "KH"-5, Sector-15, Gandhinagar. Contact : 9978407756

**શોર્ટ ટેન્ડર-ભાવપત્રક નોટીસ**

આઈ.આઈ.ટી.ઈ.-સેકટર -૧૫, ગાંધીનગર, દ્વારા તેના વિવિધ કામો અને ખરીદી માટેનાં ઓફલાઈન ટેન્ડર અને ભાવપત્રકો જેવા કે, (૧) વિડીયોગ્રાફી/ફોટોગ્રાફીને લગતી કામગીરી, (૨) ઈવેન્ટ મેનેજમેન્ટની કામગીરી, (૩) એ.સી. રીપેરીંગની કામગીરી, (૪) પ્રિન્ટર/કોપીયરની કામગીરી, (૫) ઉધઈ ટ્રીટમેન્ટની કામગીરી, (૬) આર. ઓ. પ્લાન્ટ મરામતની કામગીરી, સીવી (૭) ફાયરનાં સાધનોની ખરીદી, (૮) બુમ બેરીયર કામગીરી, (૯) વેસ્ટ પસ્તી, પરીક્ષાનાં મટીરીયલ નિકાલની કામગીરી, (૧૦) સિવિલ, પ્લમ્બર, સુથાર અને મજુર પુરા પડવાની કામગીરી, (૧૧) સિવિલ, પ્લમ્બિંગ, સુથારી કામ માટે સામાન પૂરો પડવાની કામગીરી, (૧૨) Epabxની મરામતની કામગીરી, (૧૩) પ્રિન્ટિંગ કામગીરી માટે ટેન્ડર/ભાવપત્રકોની જાહેરાત તા. ૧૧/૧૨/૨૦૨૦નાં રોજ પણ આપવામાં આવેલ, જેને વધુ બહોળી પ્રસિદ્ધિ મળી રહે તેના માટે પુનઃ જાહેરખબર આપવામાં આવે છે. આ અંગેના ટેન્ડર/ભાવપત્રક તા.૧૭/૧૨/૨૦૨૦ સાંજના ૧૮.૦૦ કલાક સુધીમા પહોચાડવાના રહેશે., ટેન્ડર/ભાવપત્રકો મેળવવા માટે www.iite.ac.in પર Download માં જઈ મેળવવાનું રહેશે.

સ્થળ : ગાંધીનગર — કુલસચિવ
તા. ૧૪/૧૨/૨૦૨૦ — આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com